| | |
|---|---|
| રજીસ્ટર થયા તા. | ૧૬/૦૪/૨૦૨૫ |
| દાખલ થયા તારીખ | ૧૬/૦૪/૨૦૨૫ |
| નિકાલ તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૦ ૧૧ ૨૪ |

---

જી.દેવભુમિ દ્વારકાના મે.પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજશ્રીની અદાલત સમક્ષ,
મું.ખંભાળીયા.

---

રેગ્યુલર દિવાની અપીલ નં.૧૪/૨૦૨૫
આંક :-

એપેલન્ટસ **ગુજ.આહેર વજાભાઇ કુંભાભાઇના પુત્ર**
(મુળ વાદી) **સ્વ. હમીરભાઇ વજાભાઇના વારસદારો**

(૧) સુમાતભાઇ હમીરભાઇ ચાવડા
ઉ.વ.આ.પ૪, ધંધો.ખેતી/વેપાર,
કૈલાશ નગર, મું.ભાણવડ,
તા.ભાણવડ, જી.દેવભુમિ દ્વારકા.

(૨) કરશનભાઇ હમીરભાઇ ચાવડા
ઉ.વ.આ.પ૬, ધંધો.ખેતી,
મું.ભાડથર, તા.ખંભાળીયા, જી.દેવભુમિ દ્વારકા.

(૩) પરબતભાઇ હમીરભાઇ ચાવડા
ઉ.વ.આ.૬૬, ધંધો.ખેતી,
મું.ભાડથર, તા.ખંભાળીયા, જી.દેવભુમિ દ્વારકા.

(૪) હરદાસભાઇ હમીરભાઇ ચાવડા
ઉ.વ.આ.પર, ધંધો.ખેતી,
મું.ભાડથર, તા.ખંભાળીયા, જી.દેવભુમિ દ્વારકા.

વિરુધ્ધ.

રીસ્પોન્ડન્ટસ **ગુજ.આહેર વજાભાઇ કુંભાભાઇના પુત્ર**
(મુળ પ્રતિવાદી)**સ્વ. નારણભાઇ વજાભાઇના વારસદારો**

(૧) અરશીભાઇ નારણભાઇ ચાવડા
ઉ.વ.પુખ્ત, ધંધો.ખેતી,
મું.ભાડથર, તા.જામખંભાળીયા, જી.દેવભુમિ દ્વારકા.

(૨) ભીમશીભાઇ નારણભાઇ ચાવડા
ઉ.વ.પુખ્ત, ધંધો.ખેતી,
મું.ભાડથર, તા.જામખંભાળીયા, જી.દેવભુમિ દ્વારકા.

(૩) રણમલભાઇ નારણભાઇ ચાવડા
ઉ.વ.પુખ્ત, ધંધો.ખેતી,
મું.ભાડથર, તા.જામખંભાળીયા, જી.દેવભુમિ દ્વારકા.
તા.ખંભાળીયા, દેવભુમિ દ્વારકા.

| | |
|---|---|
| વિષય | ખંભાળીયાના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટના રે.દિ.મુ.નં.૭૨/૨૦૧૮ ના કામે તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ આંક-૭૨ થી થયેલ હુકમ તથા આંક-૭૩ ના હુકમનામા સામે સી.પી.સી. કલમ-૯૬ અન્વયે અપીલ. |

| | |
|---|---|
| એપેલન્ટસ તરફે | વિદ્વાન વકીલશ્રી જી.એ.વાઘેલા |
| રીસ્પોન્ડન્ટ નં.૧ તરફે | વિદ્વાન કે.એચ.ત્રીવેદી |
| રીસ્પોન્ડન્ટ નં.૨ તથા ૩ | ગેરહાજર |

**-: ચુ કા દો :-**

(૧) એપેલન્ટસ (મુળ વાદીઓ)એ હાલની આ અપીલ ખંભાળીયાના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટના રેગ્યુલર દિવાની મુકદમા નં.૭૨/૨૦૧૮ ના કામમાં તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ વાદીનો દાવો નામંજુર કરતા કરેલ હુકમ અને હુકમનામા સામે દાખલ કરેલી છે.

(૨) આ અપીલ દાખલ થતા રીસ્પોન્ડન્ટસને નોટીસ કરવામાં આવેલ છે. રીસ્પોન્ડન્ટ નં.૧ વિદ્વાન વકીલશ્રી કે.એચ.ત્રીવેદી મારફત હાજર થયેલ છે. રીસ્પોન્ડન્ટ નં.૨ તથા ૩ ને નોટીસ બજવા છતા જાતે કે વકીલ મારફત હાજર થયેલ નથી.

(૩) આ અપીલના કામે ચર્ચા કરવામાં સરળતા રહે તેથી વિ.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટને ''વિ.ટ્રાયલ કોર્ટ'' તરીકે, રે.દિ.મુ.નં.૭૨/૨૦૧૮ ના કામે તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ હુકમ અને હુકમનામાને ''તકરારી હુકમ'' તરીકે સંબોધવામાં આવેલ છે. એપેલન્ટસ મુળ દાવાના કામે વાદીઓ છે તથા રીસ્પોન્ડન્ટસ મુળ દાવાના કામે પ્રતિવાદીઓ છે. જેથી

સરળતા ખાતર હવે પછી પક્ષકારોને વાદી તથા પ્રતિવાદી તરીકે સંબોધવામાં આવેલ છે.

(૪) એપેલન્ટસની અપીલની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદીઓએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ જ્ઞાપન તેમજ કાયમી મનાઇહુકમ મળવાનો દાવો દાખલ કરેલ હતો. જે દાવાની કાર્યવાહી વિ.ટ્રાયલ કોર્ટમાં ચાલી જતા વિ.ટ્રાયલ કોર્ટે સદર કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઇ તેનો ગુણદોષ ઉપર નિર્ણય કરી વાદીનો દાવો નામંજુર કરેલ છે. તે વિરૂધ્ધ વાદી તરફે હાલની અપીલ દાખલ કરેલ છે અને અપીલ મેમોમાં જણાવ્યા મુજબના કારણો જણાવેલ છે. વધુમાં વિ.ટ્રાયલ કોર્ટે રે.દિ.મુ.નં.૭૨/૨૦૧૮ ના કામે કરેલ હુકમ તથા હુકમનામું રદ્દ કરવા મુળ વાદીઓએ અરજ ગુજારેલ છે.

(૫) એપેલન્ટે તરફે આંક-૧ ના અપીલ મેમોમાં જણાવ્યા મુજબની રજુઆત કરેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે, નામદાર ટ્રાયલ કોર્ટે તેઓ સમક્ષ રજુ થયેલ પક્ષનિવેદન, મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું ભારતીય પુરાવા અધિનિયમ મુજબ મુલ્યાંકન કરેલ નથી, પોતાના સમક્ષ રજુ થયેલ પુરાવાનું ખોટી રીતે અર્થઘટન કરેલ છે, નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ અને હુકમનામું હકીકત અને કાયદાની દૃષ્ટિએ ખોટા છે, નામદાર ટ્રાયલ કોર્ટે પ્રતિવાદીપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું યોગ્ય રીતે મુલ્યાંકન કરેલ નથી, નામદાર ટ્રાયલ કોર્ટે વાદીના મૌખિક અને દસ્તાવેજી પુરાવા માનવા લાયક હોવા છતાં ન માનીને કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ છે, નામદાર ટ્રાયલ કોર્ટે વાદગ્રસ્ત હુકમમાં પુરાવાનો ભાર અને સાબીતીની જવાબદારીનો તફાવત સમજવામાં કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ છે, નામદાર ટ્રાયલ કોર્ટે કાઢેલા મુદ્દાઓનું અર્થઘટન કરવામાં અને મુદ્દા નં.૧ તથા ૨ પુરવાર થતા હોવા છતાં પુરવાર કરેલ ન હોવાનું માનવામાં કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ છે, નામદાર ટ્રાયલ કોર્ટે મુદ્દા નં.3 નો નિર્ણય નકારમાં આપેલ છે અને દાવા જવાબ જોતા દાવાવાળી મિલકત

વડીલોપાર્જીત હોવાની હકીકત સાબીત થાય છે, વાદીઓ દાવામાં માંગ્યા મુજબ દાદ મેળવવા હકકદાર હોવા છતાં વાદીઓનો દાવો નામંજુર કરી કાયદા તથા હકીકતની ભુલ કરેલ છે, નામદાર ટ્રાયલ કોર્ટે પોતાના સમક્ષ રજુ થયેલ મહેસુલી દસ્તાવેજી પુરાવા અને મહેસુલી અધિકારીના મૌખિક પુરાવાનું કાયદા મુજબ મુલ્યાંકન કરેલ નથી. વધુમાં અપીલ મેમોમાં કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લઇ અપીલ મંજુર કરવા વિનંતી કરેલ છે. અંતમાં વિ.વ.શ્રીએ તકરારી હુકમ અને હુકમનામું રદ્દ કરી વાદીનો દાવો મંજુર કરવા અને માંગ્યા મુજબની દાદ અપાવવા રજુઆત કરેલ છે.

(૬) રીસ્પોન્ડન્ટસ તરફે વિ.વ.શ્રી કે.એચ.ત્રીવેદી દ્વારા એવી રજુઆત કરેલી છે કે, નામદાર ટ્રાયલ કોર્ટે વાદીનો દાવો નામંજુર કરી હકીકત તથા કાયદા મુજબ સાચો હુકમ કરેલ છે, નામદાર ટ્રાયલ કોર્ટમાં પ્રતિવાદીએ દાવા જવાબ રજુ કરેલ છે અને તેમા વાદીઓના પિતાના ભાગમાં આવેલ પ્લોટ વાદીઓના પિતાએ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી દીધેલ છે તેવી રજુઆત કરેલ છે, જો કે, નામદાર ટ્રાયલ કોર્ટે આ રજુઆત માન્ય રાખેલ નથી અને મુદ્દા નં.૩ નો નિર્ણય નકારમાં આપેલ છે, આમ છતાં વાદીઓ દાવા અરજીના કથનો સાબીત કરી શકેલા નથી, વાદીઓએ મહેસુલી અધિકારીઓને પક્ષકાર બનાવી અન્ય દીવાની દાવો કરેલ છે અને મહત્વની હકીકતો છુપાવેલ છે, નામદાર ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં વાદીનો દાવો નામંજુર કરવા જે કારણો આપેલા છે તે મુજબ તેઓની રજુઆત છે. અંતમાં હાલની અપીલ રદ્દ કરવા અને નામદાર ટ્રાયલ કોર્ટનો તકરારી હુકમ અને હુકમનામું યથાવત રાખવા રજુઆત કરેલ છે.

(૭) વિ.ટ્રાયલ કોર્ટનું દાવાનું રેકર્ડ જોતા વાદી તથા પ્રતિવાદીઓ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. વિ.ટ્રાયલ કોર્ટે તે પુરાવાઓનું વર્ણન પોતાના ચુકાદાના પેરા નં.૩ તથા ૪ માં કરેલ છે. જેથી તેનું પુનરાવર્તન આ ચુકાદામાં કરવામાં આવતું નથી.

(૮) પક્ષકારોના પક્ષ નિવેદનોના આધારે વિ.ટ્રાયલ કોર્ટે આંક-૩૪ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડેલા છે.

-:: મુદ્દાઓ ::-

(૧) શું વાદી પુરવાર કરે છે કે, વાદીના પુર્વજ વજાભાઇ કુંભાભાઇનાઓ ખંભાળીયા તાલુકાના ભાડથર ગામે રહે.હેતુ માટે ૫૫૪.૪ ચો.મી.વાર. ક્ષેત્રફળનો પ્લોટ ભાડાપટ્ટાના હકકથી મેળવેલ ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, વાદીના પુર્વજ વજાભાઇ કુંભાભાઇ નાઓ ખંભાળીયા તાલુકાના ભાડથર ગામે રહે.હેતુ માટે ૫૫૪.૪ ચો.મી.વાર ક્ષેત્રફળનો આવેલ ભાડા પટ્ટા પ્લોટ તેમના અવશાન પછીથી તે પ્લોટમાં તમામ વારસદારોનું હકક હિત રહેલ છે ?

(૩) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીએ તેમના હિસ્સે વારસાઇથી આવેલ રહે.ભાડાપટા વાળો પ્લોટ અન્ય ત્રાહીત વ્યકિતને રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી દીધેલ છે ?

(૪) શું વાદી પેરા-૧૧ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૫) શું હુકમ અને હુકમનામું ?

(૯) વિ.ન્યાયાધીશશ્રીએ પક્ષકારો તરફે તેની સમક્ષ રજુ થયેલ પુરાવો અને તેઓની સમક્ષ થયેલ દલીલની વિસ્તૃત રીતે છણાવટ કરી ઉપરોકત મુદ્દાઓનો નિર્ણય નીચે પ્રમાણે કરેલો છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં

(૪) નકારમાં,

(૫) આખરી હુકમ મુજબ.

(૧૦) સદરહું અપીલના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપિસ્થત થાય છે.

(૧) શું વિ.ટ્રાયલ કોર્ટે વાદીના પુર્વજ વજાભાઇ કુંભાભાઇનાઓ ખંભાળીયા તાલુકાના ભાડથર ગામે રહે.હેતુ માટે ૫૫૪.૪ ચો.મી.વાર. ક્ષેત્રફળનો પ્લોટ ભાડાપટ્ટાના હકકથી મેળવેલ તે મુદ્દાનો નિર્ણય નકારમાં આપવામાં કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ છે ?

(૨) શું વિ.ટ્રાયલ કોર્ટે વાદીના પુર્વજ વજાભાઇ કુંભાભાઇ નાઓ ખંભાળીયા તાલુકાના ભાડથર ગામે રહે.હેતુ માટે ૫૫૪.૪ ચો.મી.વાર ક્ષેત્રફળનો આવેલ ભાડા પટ્ટા પ્લોટ તેમના અવશાન પછીથી તે પ્લોટમાં તમામ વારસદારોનું હકક હિત રહેલ છે તે મુદ્દાનો નિર્ણય નકારમાં આપવામાં કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ છે ?

(૩) શું વિ.ટ્રાયલ કોર્ટે વાદીએ તેમના હિસ્સે વારસાઇથી આવેલ રહે.ભાડાપટા વાળો પ્લોટ અન્ય ત્રાહીત વ્યકિતને રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી દીધેલ છે તે મુદ્દાનો નિર્ણય નકારમાં આપવામાં કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ છે ?

(૪) શું વિ.ટ્રાયલ કોર્ટે શું વાદી પેરા-૧૧ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? તે મુદ્દાનો નિર્ણય નકારમાં આપવામાં કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ છે ?

(૫) શું વિ.ટ્રાયલ કોર્ટે રે.દિ.મુ.નં.૭૨/૨૦૧૮ ના કામે તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ તથા હુકમનામું ગેરકાયદેસર, અયોગ્ય અને કાયદા અને હકીકતથી વિરૂધ્ધનું હોય રદ્દ થવાને પાત્ર છે અને તેમાં હસ્તક્ષેપ કરવાની જરૂર છે ?

(૬) શું હુકમ અને હુકમનામું ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓના આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) નકારમાં

(૪) હકારમાં

(૫) હકારમાં

(૬) આખરી હુકમ મુજબ.

-:: <u>કા ર ણો</u> ::-

<u>મુદ્દા નં.૧ :-</u>

(૧૨) આ કામે અપીલનું રેકર્ડ તથા વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ વંચાણે લીધું તેમજ બંને પક્ષકારો તરફે મૌખિક દલીલો સાંભળી. સમગ્ર રજુઆતોને ધ્યાને રાખતા વિ.ટ્રાયલ કોર્ટે વાદીના દાવાની તકરાર સંબંધે પક્ષકારો તરફે રજુ થયેલ પક્ષ નિવેદનો આધારે મુદ્દાઓ કાઢેલા છે. પરંતુ તે આધારે મુદ્દાઓનો નિર્ણય કરવામાં કાયદા તથા હકીકતની ભુલ કરેલ છે અને તેથી આ અદાલતને તેમા હસ્તક્ષેપ કરવાની જરૂરીયાત જણાય છે તેમ માનું છું.

(૧૩) પક્ષકારોના વિ.વ.શ્રીઓ તરફે દલીલો અને વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ વંચાણે લેતાં વિ.ટ્રાયલ સમક્ષ પ્રતિવાદી નં.૨ તથા ૩ સમન્સ બજવા છતાં હાજર રહેલા નથી અને તેઓ વિરૂધ્ધ કામ એકતરફી ચલાવવા હુકમ થયેલ છે. વધુમાં વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ પ્રતિવાદી નં.૧ દાવાના કામે હાજર થયેલ છે અને દાવા જવાબ રજુ કરેલ છે તેમજ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. વાદીઓ ગુજરનાર વજાભાઇ કુંભાભાઇના પુત્ર હમીરભાઇ વજાભાઇના સંતાનો છે તેમજ પ્રતિવાદીઓ ગુજરનાર વજાભાઇ કુંભાભાઇના પુત્ર નારણભાઇ વજાભાઇના સંતાનો છે તે હકીકત બીનતકરારી છે. ગુજરનાર વજાભાઇ કુંભાભાઇ ખંભાળીયા તાલુકાના ભાડથર ગામે રહેણાંક હેતુ માટેનો ૫૫૪.૦૪ ચો.વાર ક્ષેત્રફળનો એક પ્લોટ ધરાવતા હતા અને તેની ચતુ : દીશા દાવા અરજીના પેરા-૩ માં દર્શાવેલ છે તે હકીકત બીનતકરારી છે. દાવાવાળી મિલકત વાદી કે પ્રતિવાદીઓના

પિતાની સ્વપાર્જીત છે તેવી રજુઆત નથી પરંતુ દાવાવાળી મિલકત ઉપર પક્ષકારો ગુજરનાર વજાભાઇ કુંભાભાઇના વારસદાર તરીકે પોતાનો હકક અધિકાર ધરાવે છે. વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ થયેલ પુરાવો જોતા ગુજરનાર વજાભાઇ કુંભાભાઇના અવસાન પછી તેઓના તમામ વારસદારોના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલા નથી પરંતુ એકમાત્ર પ્રતિવાદીના પિતા નારણભાઇ વજાભાઇ તથા અમુક વારસદારોના નામે વારસાઇ નોંધ દાખલ કરવામાં આવેલ છે. પ્રતિવાદીએ દાવાની કાર્યવાહી દરમ્યાન વાદીઓના પિતાએ પોતાના ભાગમાં આવેલ પ્લોટ વેચાણ આપેલ હોય મિલકતમાં વાદીઓના હકક, અધિકાર નથી તેવા કથનો કરેલા છે પરંતુ દાવાની કાર્યવાહી દરમ્યાન તે સાબીત થયેલ નથી.

(૧૪) પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા જોતા ગુજરનાર વજાભાઇ કુંભાભાઇને ખંભાળીયા તાલુકાના ભાડથર ગામે રહેણાંક હેતુ માટે ૫૫૪.૦૪ ચો.વાર ક્ષેત્રફળનો પ્લોટ મળેલો હતો તે હકીકત સાબીત થયેલ છે. આમ છતાં વિ.ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં તેનો નિર્ણય નકારમાં આપી ભુલ કરેલ છે તેમ માનું છું અને મુદ્દા નં.૧ રજુ થયેલ પુરાવા પરથી વાદી સાબીત કરે છે તેમ માનું છું. વિ.ટ્રાયલ કોર્ટના આ મુદ્દા પરના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની આ અદાલતને જરૂરીયાત જણાતી હોય મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપું છું.

<u>મુદ્દા નં.૨ :-</u>

(૧૫) વિ.ટ્રાયલ કોર્ટે મુદ્દા નં.૨ નો નિર્ણય નકારમાં આપેલ છે. વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષની કાર્યવાદી દરમ્યાન દાવાવાળી મિલ્કત પક્ષકારોના પિતાની સ્વપાર્જીત હતી તેવી રજુઆત નથી અને પક્ષકારો ગુજરનાર વજાભાઇ કુંભાભાઇના વારસદારો તરીકે પોતાનો હકક, અધિકાર માંગે છે ત્યારે મુદ્દા નં.૨ નો નિર્ણય કરવામાં ટ્રાયલ કોર્ટે ભુલ કરેલ છે તેમ માનું છું. ગુજરનાર વજાભાઇ કુંભાભાઇ પક્ષકારોના દાદા થતા હતા અને તેઓના અવસાન

પછી વારસદારો તરીકે પક્ષકારો હકક, અધિકાર ધરાવે છે તેમ માનું છું. જેથી મુદ્દા નં.ર અંગે આપેલ નિર્ણય હકીકત અને કાયદાની દૃષ્ટિએ કાયદા મુજબનો ન હોય તેમ ઠરાવું છું. મુદ્દા નં.ર રજુ થયેલ પુરાવા પરથી વાદી સાબીત કરે છે તેમ માનું છું. વિ.ટ્રાયલ કોર્ટના આ મુદ્દા પરના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની આ અદાલતને જરૂરીયાત જણાતી હોય મુદ્દા નં.ર નો નિર્ણય હકારમાં આપું છું.

<u>મુદ્દા નં.૩ :-</u>

(૧૬) વિ.ટ્રાયલ કોર્ટે પોતાના સમક્ષ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના આધારે મુદ્દા નં.૩ નો નિર્ણય કરેલ છે તે સાચો છે. આ મુદ્દાના નિર્ણય સામે પ્રતિવાદી તરફે અપીલ કરવામાં આવેલ નથી તે સંજોગોમાં વિ.ટ્રાયલ કોર્ટે જે મુદ્દાનો નિર્ણય કરેલ છે તે અંગે પ્રતિવાદીને તકરાર નથી. જેથી વિ.ટ્રાયલ કોર્ટે મુદ્દા નં.૩ નો નિર્ણય કરેલ છે તેમા હસ્તક્ષેપ કરવાની આ અદાલતને જરૂરીયાત જણાતી નથી. પરંતુ મુદ્દા નં.૩ નો નિર્ણય જે ટ્રાયલ કોર્ટે કરેલ છે તે જોતા અને પ્રતિવાદીનો બચાવ જોતા દાવાવાળી મિલકતમાં વાદીઓનો વારસાઇ હકક, અધિકાર હતો તેવી હકીકતની સ્વીકૃતિ છે. તે સંજોગોમાં મુદ્દા નં.૧ તથા ૨ નો નિર્ણય જે કરેલ છે તે કાયદા મુજબ નથી તેમ માનું છું અને મુદ્દા નં.૩ નો નિર્ણય યથાવત રાખું છું. વિ.ટ્રાયલ કોર્ટના આ મુદ્દા પરના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની આ અદાલતને જરૂરીયાત જણાતી ન હોય મુદ્દા નં.૩ નો નિર્ણય નકારમાં આપું છું.

<u>મુદ્દા નં.૪ :-</u>

(૧૭) વાદી જયારે દાવાવાળી મિલકતમાં વારસદાર તરીકે પોતાનો હકક, અધિકાર હોવાનો દાવો કરેલ હોય ત્યારે અને પ્રતિવાદીઓએ લીધેલ બચાવ સાબીત થતો ન હોય અને જે બચાવ લેવામાં આવેલ છે તેમા વાદીના કથનોની સ્વીકૃતિ થતી હોય ત્યારે વાદીનો દાવો સાબીત થયેલો માનવો જોઇએ અને વાદી દાવામાં માંગેલ દાદ મેળવવા હકકદાર છે તેમ માનું છું અને તેથી મુદ્દા

નં.૪ નો નિર્ણય કરવામાં વિ.ટ્રાયલ કોર્ટે ભુલ કરેલ છે તેમ માનું છું. વધુમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે પોતાના સમક્ષ રજુ થયેલ રેવન્યુ રેકર્ડ તેમજ તલાટી કમ મંત્રીના પુરાવાની કાયદા મુજબ ચર્ચા કરેલ નથી. પ્રતિવાદીએ દાવા જવાબમાં જે કથનો કરેલા છે તેનાથી વાદીનો મિલકતમાં વારસાઇ હકક, અધિકાર હતો તેવી હકીકત સ્વીકૃત હોવા છતાં મુદ્દા નં.૧ તથા ૨ નો નિર્ણય નકારમાં આપેલ છે. વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષની કાર્યવાહી દરમ્યાન ગુજરનાર વજાભાઇ કુંભાભાઇના તમામ વારસદારોના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયા નથી તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ હોવા છતાં તેની ચર્ચા કરવામાં આવેલ નથી. પક્ષકારો ગુજરનાર વજાભાઇ કુંભાભાઇના પુત્ર હમીરભાઇ વજાભાઇ તથા નારણભાઇ વજાભાઇના સંતાનો છે અને તેથી પ્રથમ હરોળના વારસદારો છે અને તે રીતે દાવાવાળી મિલકતમાં હકક, અધિકાર ધરાવે છે તેવી કાયદાકીય સ્થીતીનું મુલ્યાંકન વિદ્વાન ટ્રાયલ કોર્ટે કરેલ નથી. જયારે દાવાવાળી મિલકત વડીલોપાર્જીત છે તેવી હકીકત રેકર્ડ ઉપર આવતી હોય ત્યારે પક્ષકારો વારસદાર તરીકે મિલકતમાં હકક, અધિકાર ધરાવે છે તેવો નિર્ણય કરવો જોઇતો હતો. આમ છતાં વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ થયેલ પક્ષ નિવેદન, મૌખિક તથા દસ્તાવેજી પુરાવા જોતા વિ.ટ્રાયલ કોર્ટે હકીકત તેમજ કાયદાની ભુલ કરેલ છે. તકરારી હુકમ ખામીયુકત છે. વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ માર્ક-૩૮/૨ તથા ૩૮/૩ ના દસ્તાવેજી પુરાવા વાદી પક્ષે રજુ કરેલા હતા અને વાદી પક્ષે આંક-૩૯ થી અરજી આપી આ દસ્તાવેજી પુરાવાઓને આંક આપી પુરાવામાં દાખલ કરવા વિનંતી કરતા વિ.ટ્રાયલ કોર્ટે પ્રતિવાદીઓને તકરાર ન હોવાથી આ દસ્તાવેજોને આંક આપી પુરાવામાં દાખલ કરવા હુકમ કરેલ છે. આમ છતા આ દસ્તાવેજી પુરાવાને આંક આપી પુરાવામાં દાખલ કરેલ નથી અને વિદ્વાન ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં તેનો ઉલ્લેખ કરેલ નથી કે તે સબંધે દાવાની તકરાર ઉપર શું અસર થાય છે તેનો નિર્ણય કરેલ નથી. જેથી વિદ્વાન ટ્રાયલ કોર્ટે પોતાના સમક્ષ રજુ થયેલ હકીકતો અને પુરાવાના

આધારે દાવાની તકરારનો નિર્ણય કરવામાં ભુલ કરેલ છે તેમ માનું છું અને તેથી માર્ક-૩૮/૨ તથા ૩૮/૩ ના દસ્તાવેજી પુરાવાને આંક આપી પુરાવામાં દાખલ કરી દલીલો સાંભળી દાવાનો નિર્ણય ફરીથી કરવા હુકમ કરવામાં આવે તો તે ન્યાયોચિત જણાય છે. વિદ્વાન ટ્રાયલ કોર્ટે મુદ્દા નં.૪ મુજબ વાદીઓ માંગ્યા મુજબ દાદ મેળવવા હકકદાર નથી તેવો નિર્ણય આપવામાં હકીકત તથા કાયદાની ભુલ કરેલ છે તેમ માનું છું. વિ.ટ્રાયલ કોર્ટના આ મુદ્દા પરના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની આ અદાલતને જરૂરીયાત જણાતી હોય મુદ્દા નં.૪ નો નિર્ણય હકારમાં આપું છું.

<u>મુદ્દા નં.૫ :-</u>

(૧૮) ઉપરોકત મુદ્દા નં.૧, ૨ તથા ૪ માં આપેલ તારણો જોતા વિ.ટ્રાયલ કોર્ટે રે.દિ.મુ.નં.૭૨/૨૦૧૮ ના કામે તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ તથા હુકમનામું ગેરકાયદેસર, અયોગ્ય અને કાયદા અને હકીકતથી વિરૂધ્ધનું હોય રદ્દ થવાને પાત્ર છે અને તેમાં હસ્તક્ષેપ કરવાની જરૂર છે તેમ માનું છું અને મુદ્દા નં.૫ નો નિર્ણય હકારમાં આપું છું અને મુદ્દા નં.૬ પરત્વે નીચે મુજબ હુંકમ કરૂં છું.

-:: <u>હુ ક મ</u> ::-

(૧) એપેલન્ટસની આ અપીલ મંજુર કરવામાં આવે છે.

(૨) ખંભાળીયાના વિ.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટના રેગ્યુલર દિવાની મુકદમા નં.૭૨/૨૦૧૮ ના કામે તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ તથા હુકમનામું રદ્દ કરવામાં આવે છે.

(૩) સદરહું દાવાની કાર્યવાહીમાં માર્ક-૩૮/૨ તથા ૩૮/૩ ના દસ્તાવેજી પુરાવાને આંક આપી પુરાવામાં દાખલ કરવા અને ત્યારબાદ પક્ષકારોના વિ.વ.શ્રીઓની ફરીથી દલીલ સાંભળી નવેસરથી દાવાનો નિર્ણય કરવા માટે પરત મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ખર્ચ અંગે હુકમ નથી.

(૫) હુકમ મુજબ હુકમનામું દોરવું.

(૫) આ હુકમની એક નકલ વિ.ટ્રાયલ કોર્ટના રેકર્ડ તથા પ્રોસીડીંગ્ઝ સાથે વિ.ટ્રાયલ કોર્ટને મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ : ૯ માહે એપ્રિલ સને-૨૦૨૬ ના ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ખંભાળીયા
તારીખ : ૦૯/૦૪/૨૦૨૬
(ડી.વી.પાથર)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ,
જી.દેવભુમિ દ્વારકા, મું.ખંભાળીયા
(Unique ID Code : GJ-00345)

Principal District Judge
Dt.09/04/2026